For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : સતીષ જાદવ)

# 94% ભેજથી સુરતમાં ગાઢ ધુમ્મસ

**શહેરમાં** મહત્તમ તાપમાન 3.6 ડિગ્રી ઘટતાં સાંજે ફરી ઠંડક

**લઘુત્તમ** તાપમાન એક ડિગ્રી વધ્યું

સુરતઃ સુરત શહેરમાં ૧૫ જાન્યુઆરીએ જાન્યુઆરી મહિનાનું છેલ્લા બે વર્ષનું રેકોર્ડ બ્રેક લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. તે દિવસે પારો સીધો ૧૩.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા ઠંડીની તીવ્રતા અનુભવાઈ હતી. આ રેકોર્ડ તાપમાન બાદ છેલ્લા બે દિવસથી શહેરના તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગઈકાલે તાપમાનમાં વધારો નોંધાયા બાદ આજે ફરી લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો થઈને ૧૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બીજી તરફ, મહત્તમ તાપમાનમાં ૩.૬ ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થયો છે અને તે ૩૧.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત રહ્યું છે. આજે વહેલી સવારે હવામાં ૯૪ ટકા જેટલા ઊંચા ભેજના કારણે શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું હતું. પરિણામે શહેરભરમાં વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ હતી, જેના કારણે માર્ગ પર વાહન ચલાવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને વહેલી સવારે

...અનુસંધાન પાના 5 પર

## સુરતમાં ગાઢ ધુમ્મસથી દિલ્હીથી આવેલી ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ

**વધેલા** ધુમ્મસથી વિઝિબિલિટી ઘટી જતાં સુરત એરપોર્ટ પર એર ઓપરેશનને ગંભીર અસર, અનેક ફ્લાઈટ્સને અસર

**વિઝિબિલિટી** ઘટતાં દિલ્હી-સુરત, હૈદરાબાદ-સુરત અને સુરતથી દુબઈ-બેંગકોકની ફ્લાઈટ્સમાં પણ બે કલાક સુધીનો વિલંબ

સુરતઃ આજે સવારે સુરતમાં ગાઢ ધુમ્મસભર્યા વાતાવરણના કારણે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના એર ઓપરેશન એરિયામાં વિઝીબિલિટી ખૂબ ઓછી રહી હતી. પરિણામે એર ટ્રાફિક પર ગંભીર અસર જોવા મળી હતી. એર ઇન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-સુરત ફ્લાઈટને અમદાવાદ એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડી હતી. આ ફ્લાઈટ સવારે 07.50 વાગ્યે સુરત આવવાની હતી, પરંતુ અમદાવાદ ઉતર્યા બાદ ત્યાંથી ઉડાન ભરી 09.46 કલાકે સુરત પહોંચી હતી, જેથી ફ્લાઈટ કુલ 2 કલાક 56 મિનિટ મોડી પડી હતી.

ફોગના કારણે દિલ્હીથી સુરત

...અનુસંધાન પાના 5 પર

### ધુમ્મસને લીધે આ ફ્લાઇટ મોડી પડી

- એર ઇન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-સુરત ફ્લાઈટ ફોગના કારણે અમદાવાદ ડાયવર્ટ થઈ અને સુરત 2 કલાક 56 મિનિટ મોડી પહોંચી.
- ઈન્ડિગોની દિલ્હી-સુરત ફ્લાઈટ સવારે 07.30ના બદલે 09.30 કલાકે સુરત આવી.
- એર ઇન્ડિયા એક્સપ્રેસની બીજી દિલ્હી-સુરત ફ્લાઈટ 11.55ના બદલે 14.25 કલાકે પહોંચી.
- એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત-બેંગકોક ફ્લાઈટ 14.40ના બદલે

...અનુસંધાન પાના 5 પર

# ખાડીપૂર રોકવા માટે હટાવેલાં દબાણો ફરી થઇ ગયાં

**ચોમાસા** બાદ ફરી યથાવત દબાણો બાબતે મનપાની કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી હોવાનો આક્ષેપ

**દબાણો** દૂર કરવા મુદ્દે કોઈ ઢીલાશ નહીં ચલાવવા કલેક્ટરની આકરી તાકીદ

સુરતઃ જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મહત્વપૂર્ણ બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસ અને જનહિતના પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને ધારાસભ્ય મનુભાઈ પટેલે જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી પસાર થતી ખાડી પરના ગેરકાયદે દબાણોનો ગંભીર મુદ્દો ઉઠાવતા સમગ્ર તંત્રનું ધ્યાન ખેંચ્યું હતું.

ધારાસભ્ય મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમના વિસ્તારની જી.આઈ.ડી.સી.માંથી પસાર થતી ખાડી પર ગેરકાયદે બાંધકામો અને દબાણો હજુ પણ યથાવત છે. ચોમાસા દરમિયાન ખાડી પૂર બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું

...અનુસંધાન પાના 5 પર

### સરકારી જમીનોની ૭/૧૨ ચકાસણીનો આદેશ સાથે જનપ્રતિનિધિઓના પ્રશ્નો ગંભીરતાથી ઉકેલવા તાકીદ

કલેક્ટરે જિલ્લાના તમામ ગામોની સરકારી મિલકતોની જમીનો ૭/૧૨માં સરકારી ચોપડે નોંધાયેલી છે કે નહીં તેની તપાસ કરી પ્રક્રિયા પૂર્ણ કરવા અધિકારીઓને આદેશ આપ્યો હતો. બેઠકમાં કલેક્ટરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને અધિકારીઓએ ગંભીરતાપૂર્વક હાથ પર લઈ સમયમર્યાદામાં નિકાલ કરવો જરૂરી છે. પ્રશ્નો અંગે સ્થળ વિઝિટ કરી યોગ્ય કાર્યવાહી કરવા તેમજ છેલ્લા છ મહિનામાં સંકલનની બેઠકોમાં રજૂ થયેલા પ્રશ્નોના નિકાલ અંગે પ્રોગ્રેસિવ રિપોર્ટ રજૂ કરવા સૂચના આપી હતી.

### જુદા જુદા ધારાસભ્યની જુદી જુદી રજૂઆત

**બારડોલીના ધારાસભ્ય ઇશ્વર પરમાર :** નગરપાલિકા વિસ્તારમાં ચોમાસામાં વરસાદી પાણીના નિકાલ માટે દબાણો દૂર કરો, ગ્રામ્ય વિસ્તારોમાં ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી કરો તથા અસ્તાન કન્યા વિદ્યાલય સામેના રેલવે ઓવરબ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ કરો

**ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ :** બરબોધન ગામમાં સરકારી જમીન પરના દબાણો તાત્કાલિક અસરથી દૂર કરો

**લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલ :** લિંબાયતમાં સરકારી કોલેજ માટે જમીન ફાળવો

### વીજળી બચત અને વિકાસકામોની ગ્રાન્ટ સમયસર વાપરવા સૂચના

જિલ્લા કલેક્ટરે તમામ સરકારી કચેરીઓમાં વીજળીનો બિનજરૂરી વપરાશ અટકાવવા તથા વિકાસકામોની ગ્રાન્ટ સમયસર અને યોગ્ય રીતે વપરાય તે અંગે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. બેઠકમાં ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, મનુભાઈ પટેલ, સંદીપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ ભાવિનીબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, સુડાના સી.ઈ.ઓ., જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, પ્રાંત અધિકારીઓ, મામતલદારો તેમજ સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


FIT INDIA
**સુરત મહાનગરપાલિકા**
આકારણી અને વસુલાત વિભાગ
**મિલકતવેરાના વ્યાજમાં પ્રોત્સાહક યોજના**

આથી સુરત શહેરના મિલ્કતવેરાના કરદાતાઓને સુચિત કરવામાં આવે છે કે હાલ વ્યાજ માફી યોજના અમલમાં હોય, તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં અગાઉના વર્ષોના બાકી વેરા સહિત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષનો મિલકતવેરો યુઝર ચાર્જ તેમજ શિક્ષણ વેરા સહિત તમામ વેરો પુરેપુરો ભરપાઇ કરવામાં આવશે તો તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં રહેણાંક મિલકતોને ૧૦૦% તથા બિન રહેણાંક મિલકતોને ૫૦% માફીનો લાભ મળવા જોગ છે. તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધી તમામ જાહેર રજાઓ (પ્રજાસત્તાક દિન અને ધુળેટી સિવાય) તેમજ બીજા અને ચોથા શનિવારના દિવસે પણ વેરો ભરપાઇ થઇ શકે તે માટે તમામ સીવીક સેન્ટરો સવારે ૧૦:૩૦ કલાક થી બપોરના 3:30 કલાક સુધી ચાલુ રહેશે. સુરત મહાનગરપાલિકાની વેબસાઇટ www.suratmunicipal.gov.in માં લોગઇન કરી ઇ-પેમેન્ટ કરી શકશો.

ઉપરોક્ત વ્યાજ માફી યોજનાનો મહત્તમ લાભ લેવા માટે તમામ કરદાતાઓને અનુરોધ છે.

નં.પી.આર.ઓ./૫૭૭/૨૦૨૫-૨૬ ડે.કમિશનર(ડી)
તા. ૧૭/૦૧/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા.


# સુરત રેલવે સ્ટેશન ઉપર બેગ સ્કેનિંગ મશીન ધૂળ ખાય છે

**લાખો** મુસાફરોની સુરક્ષા ભગવાન ભરોસે

સુરતઃ હીરાનગરી અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત રેલવે સ્ટેશન ફરી એકવાર સુરક્ષાના ગંભીર પ્રશ્નોને લઈને ચર્ચામાં આવ્યું છે. દરરોજ હજારો-લાખો મુસાફરોની અવરજવરથી ધમધમતા આ સ્ટેશન પર સુરક્ષા માટે મુકવામાં આવેલું બેગ સ્કેનિંગ મશીન હાલ 'શોભાના ગાંઠિયા' સમાન બની ગયું છે. સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર પર મુકાયેલું આ મશીન છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે.

થોડા દિવસો પહેલા જ દેશની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા બોમ્બ બ્લાસ્ટની ઘટના એ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આવી સંવેદનશીલ સ્થિતિમાં જ્યારે રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળો પર 'હાઈ એલર્ટ' હોવું જોઈએ, ત્યારે સુરત રેલવે સ્ટેશન પર સુરક્ષા સાધનો બિનવારસી હાલતમાં પડ્યા છે. મુસાફરો પોતાની બેગ ચેક કરાવ્યા વગર જ સીધા પ્લેટફોર્મ સુધી પહોંચી રહ્યા છે, જે કોઈ મોટી હોનારતને આમંત્રણ આપી શકે તેમ છે.સ્થાનિક મુસાફરોના જણાવ્યા અનુસાર, ઘણીવાર મશીન ચાલુ હોવા છતાં ત્યાં કોઈ ઓપરેટર હાજર હોતું નથી,

...અનુસંધાન પાના 5 પર



# કાપોદ્રાના કારખાનામાં સરણ ફાટતાં રત્નકલાકારનું મોત

**હીરા** ઘસવાનું કામ ચાલુ હતું ત્યારે સરણ ફાટતાં રત્નકલાકારની છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચી, અન્ય બે કર્મીઓ પણ ઘાયલ

સુરતઃ કાપોદ્રાની અક્ષરધામ સોસાયટીના હીરાના કારખાનામાં કામ દરમિયાન સરણ ફાટવાની ગંભીર ઘટનામાં ૨૦ વર્ષીય યુવાન રત્નકલાકારનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મુર્ગા કેન્દ્ર પાસે રવિ પાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહેતો નબીન બહાદુર છૈત્રી હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કાર્યરત હતો. ગઈકાલે સાંજે કારખાનામાં નિયમિત રીતે કામ ચાલી

...અનુસંધાન પાના 5 પર


સેલ 55% ડિસ્કાઉન્ટ
ગ્રેનામાઈટ ટાઈલ્સ
એક્સપોર્ટ ક્વોલીટીની, હોલસેલના ભાવે (ગોડાઉન ખાલી કરવાનું હોવાથી)
Size: 8x4 ft, 6x4 ft, 4x4 ft,
કોન્ટેક્ટ - 98980 76797

વેચવાની છે ચૌટાબજારમાં
મેઈન રોડ ઉપર પાંચ માળ વાળી મિલકત જેમા ત્રણ માળનો ચાલુ શો-રૂમ
ટાઈટલ ક્લીયર
93777 77007

psj પરચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
સૌથી ઓછો ભાવ, સૌથી ઓછી મજુરી
22 Kt (916) સોનાનો આજનો ભાવ
₹125900/- પ્રતિ ૧૦ ગ્રામ
ઘડામણ ફક્ત 7% થી શરૂ
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630



**॥ દુઃખદ અવસાન બેસણું ॥**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારી પુત્રી/બહેન રાજેશ્રીબેન અરવિંદભાઈ પટેલનું દુઃખદ અવસાન તા. ૧૫/૦૧/૨૦૨૬, ગુરૂવારના રોજ થયેલ છે. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું
તા. ૧૯/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે. અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્વ. રાજેશ્રીબેન અરવિંદભાઈ પટેલ
જન્મ તા. ૧૫/૦૮/૧૯૭૨
સ્વ. તા. ૧૫/૦૧/૨૦૨૬

લિ.
કાંતીભાઈ ધનજીભાઈ પટેલ
સવિતાબેન કાંતીભાઈ પટેલ
ધર્મેશભાઈ કાંતીભાઈ પટેલ — પિન્કીબેન ધર્મેશભાઈ પટેલ
બ્રિજેશકુમાર કાંતીભાઈ પટેલ — સ્મૃતિબેન બ્રિજેશકુમાર પટેલ
નરેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલ — સ્વ. લક્ષ્મીબેન નરેન્દ્રભાઈ પટેલ
બળવંતભાઈ ધનજીભાઈ પટેલ — પુષ્પાબેન બળવંતભાઈ પટેલ
જયંતિભાઈ ધનજીભાઈ પટેલ — નયનાબેન જયંતિભાઈ પટેલ
જેમીશભાઈ બળવંતભાઈ પટેલ — મયુરીબેન જેમીશભાઈ પટેલ
અંકુરભાઈ નરેન્દ્રભાઈ પટેલ — નીશાબેન અંકુરભાઈ પટેલ
પિન્કેશભાઈ જયંતિભાઈ પટેલ — છાયાબેન પિન્કેશભાઈ પટેલ
જીગલકુમાર જયંતિભાઈ પટેલ
રીચા, હેનીલ, પાર્થવ, ચાર્વી, વાની
કડક મહોલ્લો, બુડિયા ગામ, સુરત સીટી, સુરત.

**દુઃખદ અવસાન - બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે મારી પત્ની રાજેશ્રીબેન અરવિંદભાઈ પટેલનું દુઃખદ અવસાન તા. ૧૫/૦૧/૨૦૨૬, ગુરૂવારના રોજ થયેલ છે. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું
તા. ૧૯/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
તમામ લૌકિક રિવાજ બંધ છે

સ્વ. રાજેશ્રીબેન અરવિંદભાઈ પટેલ
જન્મ તા. ૧૫/૦૮/૧૯૭૨
સ્વ. તા. ૧૫/૦૧/૨૦૨૬

નિવાસસ્થાન : ૨૭૬, બાહ્મણ ફળિયું, આભવા ગામ, સુરત.

લિ. અરવિંદભાઈ રવજીભાઈ પટેલ (પતિ)
ભાવિક અરવિંદભાઈ પટેલ (પુત્ર)
ખુશ્બુબેન જેનીશભાઈ મિસ્ત્રી (પુત્રી)
જેનીશભાઈ મુકેશભાઈ મિસ્ત્રી (જમાઈ)
પીનલ અરવિંદભાઈ પટેલ (પુત્રી)
ભાણાભાઈ રવજીભાઈ પટેલ — રમેશભાઈ ભાણાભાઈ પટેલ
ઠાકોરભાઈ રવજીભાઈ પટેલ — હિતેશભાઈ નગીનભાઈ પટેલ
હિરેનભાઈ ભાણાભાઈ પટેલ — બકુલભાઈ નગીનભાઈ પટેલ
હિતેશભાઈ ઠાકોરભાઈ પટેલ — કિરીટભાઈ જયંતિભાઈ પટેલ
જયંતિભાઈ ભાણાભાઈ પટેલ — શૈલેષભાઈ જયંતિભાઈ પટેલ
નગીનભાઈ ભાણાભાઈ પટેલ — નિતિશભાઈ રમેશભાઈ પટેલ
(હિરવા, આર્ય, શ્રેયા, જીવા, નાયરા, દેવાંશ, મીર, ક્રિશીવ)

**ચોથી વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ**



સ્વ. અ.સૌ. રમાબેન વિજયભાઈ પટેલ
સ્વ. તા : ૧૮-૦૧-૨૦૨૨

મમ્મી મારી આંખોને તમારી હાજરીની કમી, મારા દિલને તમારા ધબકારાની કમી, મારા મનને તમારી લાગણીની કમી, મારા કાન ને તમારા અવાજની કમી, આનાથી વધારે શું કહું મમ્મી તમારી યાદ માં તમે હોવા છતાં તમારા સાથની કમી. પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે.

લિ. વિજયભાઈ ભાણાભાઈ પટેલ
ધવલ વિજયભાઈ પટેલ — હેજલ ધવલભાઈ પટેલ
નિરવભાઈ સંતોષભાઈ કોન્ટ્રાકટર — દિપાલીબેન નિરવભાઈ કોન્ટ્રાકટર
રાહુલભાઈ ધીરજભાઈ પટેલ — પરિતાબેન રાહુલભાઈ પટેલ
સ્નેહ, નીલ, મીતાંશ, આધ્યા, દિવ્ય, નાવિશા તથા સ્વ. ભાણાભાઈ નાથુભાઈ પટેલ સમસ્ત પરિવાર
સી-૪, જય જલારામ સોસાયટી, પીપલોદ, (રૂંઢ-મગદલ્લા) (ફર્મ ધવલ પ્રોવિઝન & જનરલ સ્ટોર્સ)

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ.શાંતીબેન લખુભાઈ પટેલ
સ્વ.તા: ૧૮-૦૧-૨૦૨૫

પ્રેમ, વાત્સલ્ય, કરૂણા, મમતા અને સંસ્કારોનું મૂર્તિમંત્ર સ્વરૂપએવા આપે પરિવાર માટે સંભારણા મુકી ગયા. વહેવાર સદા ચૂકયા નહીં, ધર્મ સદા ભૂલ્યા નહીં, તમારા સ્નેહભર્યા સ્મરણો સર્વોને પ્રેરણા આપતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
સ્વ લખુભાઈ વલ્લભભાઈ પટેલ — સ્વ ધીરૂભાઈ વલ્લભભાઈ પટેલ
હરિવદનભાઈ લખુભાઈ પટેલ — પન્નાબેન હરિવદનભાઈ પટેલ
સંજયભાઈ લખુભાઈ પટેલ — જયુબેન સંજયભાઈ પટેલ
હર્ષદભાઈ ધીરૂભાઈ પટેલ — વિજયભાઈ ધીરૂભાઈ પટેલ
તુષારભાઈ હરિવદનભાઈ પટેલ — વિદ્યાબેન તુષારભાઈ પટેલ
જયનીશ હરિવદનભાઈ પટેલ — જેમીલ સંજયભાઈ પટેલ
હયાંશ તુષારભાઈ પટેલ — જશ સંજયભાઈ પટેલ
મયંક હર્ષદભાઈ પટેલ — નીલ વિજયભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્થળ : રૂંઢ-મગદલ્લા, બેંક ઓફ બરોડાની બાજુમાં, મેઈન રોડ, સુરત.

**શ્રધ્ધાંજલિ**



મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે, જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે. તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.ભીખુભાઈ દેવાભાઈ આહિર
સ્વ.તા.૧૩-૦૧-૨૬

લિ.
વિપુલભાઈ હીરપરા
મનીષભાઈ આહિર
તથા સમસ્ત નિલકંઠ પરિવાર (કામરેજ)

**સ્મરણાંજલિ**



સુવિધાબેન, મોર પીછ્છ જેવુ મુલાયમ નામ, તાજા ગુલાબની સુગંધ જેવું હાસ્ય, સુંવાળો સાથ-સંગાથ અને મૃદુ સ્વભાવ એવા વ્યક્તિત્વ ને મારી હાર્દિક સ્મરણાંજલિ

શ્રી સુવિધાબેન
સ્વ. તા. ૧૩-૦૧-૨૦૨૬

લિ.
શારદા રમણલાલ જરીવાલા

**છ માસીક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે. મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો. પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

સ્વ. રાજેશભાઈ (ભાણો) સુખાભાઈ પટેલ
જન્મ તા.: ૨૫/૧૨/૧૯૭૮
સ્વ.તા: ૧૮/૦૭/૨૦૨૫

લિ.
ગં.સ્વ. મોનીકાબેન રાજેશભાઈ પટેલ(પત્ની)
ગં.સ્વ. બેબીબેન ગાંડાભાઈ પટેલ(મમ્મી)
જાન્વી રાજેશભાઈ પટેલ(પુત્રી)
કસ્તી રાજેશભાઈ પટેલ(પુત્રી)
તથા સમસ્ત પરિવાર
સ્થળ : પાદર સ્ટ્રીટ, મગદલ્લા, સુરત

**સાતમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



આપની અચાનક વિદાયને આજે સાત વર્ષ પૂરા થયા છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો. પળે પળે આપની યાદ આવે છે, આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે, આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણ થી મુક્ત થઈ મોક્ષસુખ પામો. એજ પ્રભુ ચરણોમાં અંતરથી પ્રાર્થના કરતા આપના પરિવાર જનો.

સ્વ. કિરીટકુમાર મોહનલાલ કાબરાવાલા
સ્વ. તા. ૧૮.૦૧.૨૦૧૯

લિ.
ગં.સ્વ. કુમુદબેન કિરીટકુમાર કાબરાવાલા
ભરત કિરીટકુમાર (પુત્ર) — હિરલ ભરતકુમાર
પિન્કેશ કિરીટકુમાર (પુત્ર) — બોસ્કી પિન્કેશકુમાર
કુશાંગ - નીલ - ફેરી
સમસ્ત મહેતા કચરાભાઈ વિઠ્ઠલદાસ કાબરાવાલા પરિવારના રામરામ
ફર્મ : મોહનલાલ કચરાભાઈ મહેતા

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| ૧૦×૨ | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**પાંચમી પુણ્યતીથીએ શ્રધ્ધાંજલી**




શૂન્યથી સર્જન, સર્જનનું શુન્ય યાદતારી તારી સદા રહી, પ્રભુની ગત ન્યારી, 'સદા મંગલમ'

સ્વ. રોહન (રીકી) દિનેશભાઈ ભાજીવાલા
જન્મ તા. ૧૭-૦૭-૧૯૮૬
સ્વ. તા. ૧૮-૦૧-૨૦૨૨

લિ.
માતા- ભારતીબેન પિતા- દિનેશભાઈ
બહેન- ખુશ્બુબેન બનેવી- દિપકભાઈ
ભાણેજ- ક્યારા ભાણેજ- પુરવ
સહકાર ફાસ્ટ ફુડ
સમસ્ત ભાજીવાલા પરિવાર

**બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે સ્વ. રામકિશોર નવીનચંદ્ર તગારીવાલા નું તા.૧૭/૦૧/૨૬ ના રોજ શનિવારે દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

બેસણું તા. ૧૮/૦૧/૨૬ રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
સ્થળ: ઘમણવાલા AC Hall, સિંગાપુરીની વાડી, રૂસ્તમપુરા મો. 9879451163

સ્વ.રામકિશોર નવીનચંદ્ર તગારીવાલા
સ્વ.તા.૧૭/૦૧/૨૦૨૬

લિ.
ગં.સ્વ. હેમલતાબેન રામકિશોર તગારીવાલા
કૃણાલ રામકિશોર તગારીવાલા — પ્રસિધ્ધી કૃણાલ તગારીવાલા
મીનેષકુમાર ભાણાભગવાનવાલા — ધ્રુતી ભાણાભગવાનવાલા
પરેશકુમાર જરીવાલા — રીન્કી જરીવાલા
ખુશી, રેનિશ, દિત્યા, રીયાંશી, ક્રિસવા, જયરાજ
સમસ્ત તગારીવાલા પરિવાર ૩/૨૨૫૫- બી, પીપરડી શેરી, સલાબતપુરા, સુરત,